ટાબરીયા ગેંગને સંકજામાં લેવા પોલીસ ખાનગી ડ્રેસમાં વૉચ ગોઠવશે

ગાંધીનગર, તા.૨૧

શિયાળાની મૌસમ સાથે સાથે શહેરમાં લગ્નસરાની મૌસમ પણ નિખરી છે ત્યારે શહેરમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન વિવિધ સ્થળોએ લગ્ન મહોત્સવમાં મોકાનો લાભ ઉઠાવી ટાબરીયા ગેંગના ગઠીયાઓએ અંદાજીત રૂ. ૨.૫૦ લાખથી વધુની મત્તાની ઉઠાંતરી કરી હોવાનું પ્રકાશમાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે અને આ ટાબરીયા ગેંગને પકડી પાડવા માટે હવે પોલિસ પણ ખાનગી વેશમાં લગ્ન સ્થળોએ હાજર રહેશે.

લગ્નપ્રસંગમાં પણ પોલીસે બાજ નજર રાખવી પડશે

પોલિસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર છેલ્લા ૪ દિવસ દરમિયાન ગાંધીનગર શહેરમાં વિવિધ સ્થળોએ લગ્નના માંડવેથી કિંમતી દાગીના અને રોકડની ઉઠાંતરી થતી હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે અને લગ્ન મંડપો આસપાસ પૈસા માંગવાના બહાને આંટા ફેરા કરતા ટાબરીયાઓ તક મળતા જ પર્સ કે બેગ ઉઠાવવાની ફીરાકમાં હોવાનું ધ્યાને આવ્યું છે.

ટાબરીયા ગેંગ વિવિધ ત્રણ લગ્ન પ્રસંગોમાં હાથ ફેરો કરી સોનાના કીંમતી દાગીના તેમજ રોકડ સહિત લાખોની મત્તા સેરવી લીધી હોવાની ફરિયાદથી શહેર પોલીસ પણ ચોંકી ઉઠી છે અને આ દિશામાં તપાસ આરંભી છે. લગ્નપ્રસંગને માણવામાં ગળાડૂબ મહેમાનોની હાજરીમાં જ નજર ચૂકવીને કિંમતી દાગીના અને રોકડ ભરેલી બેગની ઉઠાંતરી પાછળ ટાબરીયા ગેંગ સક્રીય થઈ હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં માલુમ પડતા હવે આવી ટાબરીયા ગેંગને પકડી પાડવા અને લગ્ન પ્રસંગે ઘટતી આવી ઘટનાઓને રોકવા માટે શહેર પોલીસ શહેરમાં યોજાતા હાઈ પ્રોફાઈલ લગ્ન પ્રસંગોમાં ખાનગી વેશમાં હાજર રહેશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગરીબ બાળકોને ગરમ વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુકત ઉપકમે તાજેતરમાં નગરના બાળકોને ગરમ ટોપીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે મીઠાઈ ખવડાવી, ગળ્યું મોં કરી ઠંડીથી રક્ષણ અપાયું હતું.

ગાંધીનગર શહેરમાં ઠંડીનો પારો સાત ડીગ્રીએ પહોંચી ગયો છે ત્યારે ગાંધીનગરમાં પણ શ્રમિકો તથા તેના પરિવારો ઉપર કડકડતી ઠંડીની વિશેષ અસર વર્તાઈ રહી છે. શ્રમિકો અને તેના બાળકોને આવી અસહ્ય ઠંડીમાં રક્ષણ મળી શકે તે માટે વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટના અગ્રણી સર્વશ્રી અરૂણ બૂચ, મયૂર વ્યાસ, સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, બીનેશ વસાવડા, ચંદુજી ઠાકોર દ્વારા ગરમ ટોપી આપવામાં આવી હતી. સચિવાલયમાં વિકાસનું કામ કરતાં શ્રમિકોના બાળકો માટે તંબુ શાળા ચાલે છે અને તેમાં ધોરણ ૧ થી ૬ સુધી અને તેથી પણ નાના બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવી ભણાવવામાં આવે છે. આવા ૮૦ ઉપરાંતના બાળકોને મહામંડળ અને અરૂણોદય ટ્રસ્ટ દ્વારા તથા ફતેપુરા વસાહતના ચંદુજી ઠાકોર દ્વારા મીઠાઈમાં લાડુ પીરસી બાળકોને ગરમ ટોપી પહેરાવી રક્ષણ પુરું પાડવામાં આવ્યું હતું. બાળકો ઉપરાંત તેમના વાલીઓ અને માતાને પણ એકત્રીત કરી ગરમ વસ્ત્ર આપી પ્રસંશનીય સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

કોલવડા કેળવણી મંડળના પ્રમુખ અને મંત્રીની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૧

કોલવડા કેળવણી મંડળની કારોબારી સભા તાજેતરમાં કોલવડા કેળવણી મંડળ સંસ્થા, કોલવડા મુકામે મળી હતી. બેઠકમાં મંડળના પ્રમુખ અને મંત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સંસ્થાના પટાંગણમાં કોલવડા કેળવણી મંડળની કારોબારી સભા રતનસિંહ મનુભા વાઘેલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં કોલવડા ગામના પાટીદાર સમાજના અગ્રણી કાર્યકર, પટેલ રામજી મંદિરના ટ્રસ્ટી, ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજમાં કારોબારી સભ્ય, વારાહી સેવા મંડળ કોલવડાના સહમંત્રી તરીકે સેવાઓ આપનાર તેમજ ગામના વિકાસમાં યોગદાન આપનાર પ્રવીણભાઈ બાબુભાઈ પટેલની વરણી કોલવડા કેળવણી મંડળના પ્રમુખ તરીકે અને કોલવડા ગામના રાજપૂત સમાજના આગેવાન તથા અગ્રણી વેપારી અને સમાજના ઉત્થાનમાં અગ્રેસર રહેનાર છત્રસિંહ બબાજી વાઘેલાની મંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી. કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, સભ્યો અને શાળા પરિવારે બંને હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભા પેન્શનર સમાજ પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્સનર સમાજ ગાંધીનગરે લાકરોડા હનુમાનજી, લાડોલ હરસિધ્ધ માતાજી, વૈષ્ણવદેવી, મહુડી મંદિર યાત્રા કરી હતી વિધાનસભાના અધ્યક્ષનાં અંગત સચિવ શ્રી ડી. કે. વ્યાસે વિઘ્નેશ્વરી માતાના સંસ્થામાં પ્રસાદનું આયોજન કરેલ હતું. પ્રમુખ નિમાવત નૌતમલાલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ વિનોદભાઈ દલાલે જણાવેલ છે.

આજે 'રામભાઈ રામનામવાળાની વાતો' પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

રામભાઈ રામનામવાળાથી જ પ્રસિદ્ધ એવા સ્વર્ગસ્થ હેમુભાઈ મનુભાઈ ગઢવીના વિચારોને તેમના જ પુત્ર પ્રો. સનતભાઈ ગઢવીએ સમાજ સમક્ષ ગ્રંથ રૂપ આપવાનો પ્રયત્ન કર્યો. પણ, કમનસીબે તે સદેહે હાજર ન રહેતા ગઢવી પરિવાર દ્વારા તેમના પુસ્તક 'શ્રી રામભાઈ રામનામવાળાની વાતો'નો વિમોચન કાર્યક્રમ આજે તા.૨૨મી જાન્યુઆરી ૨૦૧૩ના રાત્રે ૮ કલાકે શ્રેયસ ફાઉન્ડેશન, માણેકબાગ હોલની પાછળ, નહેરુનગર, અમદાવાદ ખાતે યોજાશે.

શ્રી રામભાઈ રામનામવાળાની વાતો પુસ્તક વિમોચન કાર્યક્રમ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પુરુષોત્તમ રૂપાલા, વિદ્વાન વકતા તરીકે શાહબુદ્દીન રાઠોડ, વી.એસ. ગઢવી, સનત દવે, ડૉ. નટુભાઈ જોશી, ભિખુદાન ગઢવી અને પ્રેરક ઉપસ્થિતોમાં કવિ રાજેન્દ્ર શુકલ, અચળદાન બોક્ષા, પી.પી. ગઢવી, ડૉ. રાજેન્દ્ર જાની, ડૉ. કિરીટ મોડ, સતીષભાઈ મોરી ખાસ ઉપસ્થિત રહેશે.

છેલ્લા દશ વર્ષથી અનોખો પતંગ ચગાવવાનો શોખ ધરાવતા પતંગ પ્રેમી અરવિંદભાઈ

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેક્ટર-૬માં રહેતા અરવિંદભાઈ જયસ્વાલને અનોખો શોખ છે. તેઓ એક સાથે ત્રીસથી ચાલીસ પતંગ એક સાથે ચગાવે છે. તેમના શોખને ઘરના સભ્યો સહિત મિત્ર વર્તુળ પ્રોત્સાહન પુરું પાડે છે. તેઓ દશ વર્ષથી આ રીતે પતંગ ચગાવે છે. તેઓ ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા વગેરે સ્થળોએ પતંગ ચગાવવા માટે જાય છે.

તેઓ પતંગ ચગાવવાની સાથે પક્ષીઓને નુકશાન ન પહોંચે તે માટે મીણીયાની દોરી વાપરે છે. તેમના ગ્રુપમાં જીગ્નેશ, ધવલ, સોનુ, લોગી, યોગેશ, કિશન બધા જ મિત્રો સાથે મળીને પતંગ ચગાવે છે. આ પતંગ ૨ મહિના પહેલા તૈયાર કરે છે. જેમાં રૂ. ૨૦૦૦ ખર્ચ થાય છે. દર વર્ષે સેક્ટર-૬ના મેદાનમાં ત્રણ દિવસ સુધી પતંગ ચગાવીને બાળકોને ખુશ કરી દે છે.

હવે શહેરમાં શટલીયા રીક્ષા ચાલકો રૂ. ૫ વધુ વસુલશે

ગાંધીનગર, તા.૨૧

સી.એન.જી. ગેસના ભાવ વધારાના વિરોધમાં ગાંધીનગર શહેરમાં રિક્ષાના પૈડા થંભી ગયા હતા. પણ પ્રથમ દિવસની હડતાલ બાદ બીજા દિવસથી જ રિક્ષાઓ ગાંધીનગર શહેરના માર્ગ પર દોડતી થઈ ગઈ હતી. જેના અનુસંધાનમાં આજે સેકટર-૨૨ના મેદાનમાં રિક્ષા ચાલકોની બેઠક મળી હતી. જેમાં શટલીયા ભાડામાં રૂ. પનો વધારો વસુલવા નિર્ણય કર્યો હતો.

સેકટર-૨૨ના ખુલ્લા મેદાનમાં આજે બપોરે ગાંધીનગર રિક્ષા એસોસિએશન દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રિક્ષા ચાલકો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના રિક્ષાચાલકોએ હડતાલ સમેટી લઈ રાબેતા મુજબ રિક્ષા હંકારશે તેમજ ગેસના ભાવ વધતા તેમણે શટલીયા ભાડામાં પણ રૂ.પનો વધારો વસુલવા નિર્ણય કર્યો હતો. જેમાં પેથાપુરથી ઘ-૦ સુધીના મીનીમમ રૂ. ૧૦ તેમજ ઘ-૬થી કોલવડા ગામનું શટલ ભાડું રૂ. ૧૦ કર્યું છે જયારે પથિકા સર્કલ ઘ-૩ થી વાવોલ ગામનું શટલ ભાડું રૂ. ૫ યથાવત રાખ્યું છે તેમ રિક્ષા એસોસિએશનના પ્રમુખ નવિનભાઈએ જણાવ્યું છે.

માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ૪૧ ખાલી જગ્યામાં ફાજલ શિક્ષકોને સમાવાશે

જિલ્લાના ૧૩૮ ફાજલ શિક્ષકોને અનુલક્ષી આગામી તા. ૨૯, ૩૦ જાન્યુઆરીએ ભરતી કેમ્પ

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લાના ફાજલ શિક્ષકોને સમાવી લેવા માટે આગામી તા. ૨૯ અને ૩૦ જાન્યુઆરીના રોજ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કેમ્પ યોજવામાં આવનાર છે. જિલ્લામાં ફાઝલ શિક્ષકોની સંખ્યા ૧૩૮ જેટલી છે. જયારે માધ્યમિક શાળામાં ૪૧ જગ્યાઓ ખાલી છે.

ધો. ૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થયા બાદ જિલ્લામાં ૧૩૮ જેટલા માધ્યમિક શિક્ષકો ફાજલ હોવાનુ ધ્યાને આવ્યું છે. જયારે માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની આ ખાલી જગ્યા સામે આ ફાજલ શિક્ષકોને સમાવી લેવાની લાગણી પ્રબળ બની છે. ફાજલ થયેલા વિવિધ વિષયોના શિક્ષકોને નોકરી આપવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આગામી તા. ૨૯ અને ૩૦ જાન્યુઆરીના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

માણસા અને કલોલ તાલુકાના શિક્ષકોને અનુલક્ષી તા. ૨૯મીએ સે. ૧૬ સ્થિત મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે કેમ્પ યોજવામાં આવનાર છે જયારે દહેગામ અને ગાંધીનગર તાલુકાના ફાજલ શિક્ષકો માટે ૩૦મીએ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર માધ્યમિક શાળાઓમાં હાલ આ શિક્ષકોની જગ્યા ખાલી છે જયારે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૭૫ જગ્યા ખાલી છે. જયારે ધો. ૯ અને ધો. ૧૦ના ૨૯ વર્ગ પણ વધ્યા છે. જયારે માધ્યમિક શાળાઓમાં ૨૦ તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૮ થઈને કુલ ૨૮ જગ્યા ખાલી છે. જ્યારે આ કેમ્પના અંતે માધ્યમિક શિક્ષકોની ૪૧ જગ્યાઓ પણ ભરાઈ જશે.

ગાંધીકથામાં પહોંચવા માટે શહેરીજનો માટે બસ વ્યવસ્થા

કથાશ્રવણ કરવા ઈચ્છુક નગરજનોએ બે દિવસમાં નામ નોંધાવવા અપીલ

ગાંધીનગર, તા. ૨૧

આગામી તા. ૨૬થી ૩૦ જાન્યુઆરી દરમિયાન સાદરા ખાતે યોજાનાર ગાંધીકથાનું શ્રવણ કરવા ઈચ્છુક નગરજનો માટે ખાસ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સાદરા મધુવન ખાતે આગામી તા. ૨૬ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન ૧૦૮મી ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે. વક્તા નારાયણભાઈ દેસાઈ શ્રોતાઓને રસપ્રદ કથાનું રસપાન કરાવશે. જ્યારે કથાકાર નારાયણભાઈના કંઠે થનારી અંતિમ ગાંધીકથાનો લાભ સ્થાનિક નગરજનોને મળે તેવા આશયથી ખાસ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીકથામાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેનાર છે. જ્યારે આ અન્વયે કલ્ચરલ ફોરમ દ્વારા સંસ્થાઓના પ્રતિનિધિઓની એક બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતે સ્થાનિક નગરજનો માટે કથાના સ્થળે પહોંચવા ખાસ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના જણાવ્યા અનુસાર ફોરમ તેમજ સે. ૨૩ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આગામી તા. ૨૬ અને ૨૭ જાન્યુઆરીના રોજ કથાનુ શ્રવણ કરવા ઈચ્છુક નગરજનોને અનુલક્ષી ખાસ બસ સેવા ગોઠવવામાં આવી છે. જ્યારે આ માટે નગરજનોએ પોતાના નામ બ્લોક નં. ૬૮૩/૨ ઘ-ટાઈપ સે. ૮ કલ્ચરલ ફોરમના કાર્યાલયે આગામી બે દિવસમાં નોંધાવી દેવા જણાવ્યું છે.

સીએ ફાઈનલ, સીપીટીનું પરિણામ જાહેર કરાયું

અમદાવાદ, તા.૨૧

ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડીયા દ્વારા ગત નવેમ્બર-ડીસેમ્બરમાં યોજવામાં આવેલ સીએ ફાઈનલ અને સીપીટીની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુંહતું. જેમાં ૨૧.૦૫ટકા સરેરાશ પરિણામ સાથે અમદાવાદના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે ઝળકી ઉઠ્યા હતા. રાષ્ટ્રીય સ્તરે ટોપ ૫૦ વિદ્યાર્થીઓની યાદીમાં અમદાવાદના ૧૦ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી અમદાવાદનું ગૌરવ વધાર્યુંહતું. જ્યારે સીપીટીમાં અમદાવાદના વિદ્યાર્થીઓએ ૨૭.૭ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે. આઈસીએઆઈ દ્વારા ગત નવેમ્બરમાં લેવાયેલ સીએ ફાઈનલ અને સીપીટીનું પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય સ્તરે સીએનું પરિણામ ૧૨.૯૭ ટકા જેટલું ઓછું જાહેર થતાં વિદ્યાર્થીઓમાં નિરાશા વ્યાપી ગઈ હતી. સીએ ફાઈનલની પરીક્ષામાં રાષ્ટ્રીય સ્તરે મુંબઈની જયકુમાર પ્રેમાએ ૬૦૭ માર્ક સાથે પ્રથમ રેન્ક મેળવ્યો હતો. જયારે રાજમહેન્દ્ર વરમના ઈદાના અશોક કુમારે ૬૦૨ માર્ક સાથે બીજો રેન્ક મેળવ્યો હતો. તો કોઈમ્બતુરના જ્ઞાનસંપથે ૫૯૩ માર્ક સાથે ત્રીજો રેન્ક મેળવ્યો હતો. સીએનું જે પરીણામ જાહેર કરવામાં આવ્યુંતેમાં રાષ્ટ્રીય સ્તરે ટોપ ૫૦ વિદ્યાર્થીઓની યાદીમાં અમદાવાદના ૧૦ વિદ્યાર્થીઓ સ્થાન મેળવીને શહેરનું ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રીય સ્તરે ટોપ ૫૦ વિદ્યાર્થીઓની યાદીમાં અમદાવાદની સ્વાતી જગદિશ સધવાણીએ ૫૯૨ માર્ક સાથે રાષ્ટ્રીય સ્તરે ચોથો જયારે અમદાવાદમાં પ્રથમ રેન્ક મેળવ્યો છે. જયારે અક્ષય રમેશચંદ્ર રામાણી ૫૫૩ માર્ક સાથે રાષ્ટ્રીય સ્તરે ૧૪મો અને અમદાવાદમાં બીજો રેન્ક મેળવ્યો, મઝહર સફદરભાઈ વાસણવાળાએ ૫૯૧ માર્ક સાથે દેશમાં ૧૬માં અને અમદાવાદમાં ત્રીજો રેન્ક મેળવ્યો, નિયતી ઠાકોર દુલ્લાએ ૫૪૭ માર્ક સાથે રાષ્ટ્રીય સ્તરે ૧૮મો અને અમદાવાદમાં ચોથો રેન્ક મેળવ્યો છે. વિક્રમકુમાર ભુવરલાલ શાહે ૫૪૦ માર્ક સાથે રાષ્ટ્રીય સ્તરે ૨૩મો અને અમદાવાદમાં પાંચમો રેન્ક મેળવ્યો છે.

સર્વોત્તમ પાઠ વિષે કમલેશકુમાર મહારાજનું દ્વિતીય પ્રવચન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે ગોવર્ધનનાથજીની હવેલી મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મુંબઈ કાંદીવલીના પ.પૂ. કમલેશકુમાર મહારાજશ્રીનું બીજુ પ્રવચન 'સર્વોત્તમ પાઠ' ઉપર યોજાયું હતું. પ્રવચનમાં મહારાજે પ્રભુના લૌકિક સ્વરૂપ અને અલૌકિક સ્વરૂપના સર્વોત્તમ પાઠ વિશે જણાવ્યું.

કમલેશકુમાર મહારાજે બીજા દિવસે 'સર્વોત્તમ પાઠ' વિશે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, સર્વોત્તમ પાઠ રોજ કરો તો તે જપ સ્વરૂપે થવા લાગશે અને જપ સ્વરૂપે પાઠ કરશે તો આધિ ભૌતિક સ્વરૂપે તે પ્રાપ્ત થશે અને ઠાકોરજીના આધિ ભૌતિક સ્વરૂપે દર્શન કરાવશે. તેમણે જણાવ્યું કે, વૈષ્ણવો ક્યારેય દુઃખી નથી, ગરીબ નથી પણ ઠાકોરજી સામે સેવા કરવી એ ખુબ મહત્વનું છે. તેથી ઠાકોરજીની દયા નહીં પણ ઠાકોરજીની કૃપા જરૂરી છે. તેમની કૃપાથી દુઃખ ઝીલવાની શક્તિ પ્રભુ આપે છે. ઠાકોરજીના પ્રાગટ્ય અને મહાપ્રભુજીના પ્રાગટ્યમાં કોઈ ફેર નથી. દુષ્ટોના સંહાર કરવા અને ધર્મની રક્ષા માટે બન્નેનું પ્રાગટ્ય થયું હતું. મહાપ્રભુજીએ દરેક વૈષ્ણવના ઘરે એક એક ઠાકોરજીની સ્થાપના કરી એ એમની મુખ્ય સેવા હતી. ઠાકોરજી 'પુષ્ટ' નહી હોય તો 'સેવા' નહી સ્વીકારાય. 'જીવ' નામનું 'સીમ' કાર્ડ ઠાકોરજીએ દરેક મનુષ્યમાં મુક્યું છે. જેનાથી બધી જ વિગતો જેવી કે સેવા, સત્સંગ, લૌકિક, અલૌલિક વગેરે માહિતી ઠાકોરજી રાખે છે.

વ્રજમાં શ્રીકૃષ્ણ ૧૧ વર્ષ અને ૫૨ દિવસ રહ્યા હતા અને તેટલી સમયની જ 'સેવા' પુષ્ટી માર્ગમાં છે. ભક્તોનો ઉદ્ધાર એ મુખ્ય સેવા હતી જેની ૮૪ વૈષ્ણવો ઉપર કૃપા કરવામાં આવી. કળીયુગમાં ઠાકોરજીનું રટણ કરવું જરૂરી છે. સવારે જાગતા જ 'શ્રી કૃષ્ણ શરણંમૂમ્' રટણ કરવું જોઈએ. જેમ પાત્ર જોઈને સાગર જળ આપે છે તે પ્રમાણે મહાપ્રભુજી સેવા મુજબ ફળ આપે છે. બંધનરૂપ સેવા ઠાકોરજીની ઘરમાં બીરાજે છે ત્યારે માથે છત્ર છે તેવી કૃપા મળે છે.

મહાપ્રભુજીની બીજી સેવા દૈવી જીવોનો ઉદ્ધાર કરવો તે છે. મહાપ્રભુજી લૌકિક જીવોની લૌકિકતા દૂર કરી ઠાકોરજીની સન્મુખ લઈ જાય છે. વલ્લભ કુલના બાળકો પ્રભુનાવતી બ્રહ્મ સંબંધ લીધા પછી વૈષ્ણવોને બ્રહ્મ સંબંધ આપે છે. ત્યારે તુલસી પત્રો ઠાકરજી સમક્ષ મુકી વલ્લભકુળના ગુરુ ઠાકોરજીને કહે આ કે વૈષ્ણવોના દોષ-અપરાધ દૂર કરો તેઓ લૌકિકતામાં ફસાયા છે. નિત્ય લીલાથી વિખુટા પડેલ છે. તેમને આપના હાથમાં સોંપુ છું. તેમનું રક્ષણ આપ કરશો. ઠાકોરજીનું સ્મરણ કરવાથ લૌકિક-કામ, ક્રોધ, મોહ, લોભ, ચિંતા, મત્સર દૂર થાય છે. જ્યારે અલૌકિક સ્વરૂપનું સ્મરણ કરવાથી ચંદનની શીતળતા મળે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૪

તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦

: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

સૂર્યા, વાવોલ

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આજે વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવશે.

વૃષભ : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર-રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

કર્ક : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે.

સિંહ : આજે ઘણા સમયથી અટકેલું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સાથ-સહકાર મળી રહેશે. લાભનો માર્ગ મોકળો થઈ શકે છે.

કન્યા : ઘેરાયેલી કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. વ્યાપારક્ષેત્રમાં આવી પડેલી ચિંતા દુર થઈ શકશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફો ઉભી થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : કુટુંબિજનો અને મિત્રોનો સાથ-સહકાર મળવાથી કાર્યમાં પ્રગતિ પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની પ્રસંશા થશે.

ધન : માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ - સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

મકર : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે.

કુંભ : સામાજિક જીવનમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓથી સાવધાન રહેવું આપને પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. કંકુબેન આદરભાઈ પટેલ (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૧૭૨/૨, સેકટર-૩/એ-ન્યુ, ગાંધીનગર.
- સ્વ. ગીતાબેન મથુરભાઈ શર્મા(ઉ.વ.૫૨) હનુમાનજી મંદિર પાસે, મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પોપટજી મગનજી ઠાકોર (ઉ.વ.૬૨)મુ.પો.ભાયજીપુરા (કુડાસણ) તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રધાનજી ખતાજી ઠાકોર (ઉ.વ.૬૧) સર્કિટ હાઉસની પાછળ, મુ.પો. બોરીજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. લલિતાબેન પ્રેમચંદદાસ પંચાલ (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૧૨૬૬/૧, સેકટર-૭/ડી,ગાંધીનગર.
- સ્વ. ડાહ્યાભાઈ નાથુજી રાઠોડ(ઉ.વ. ૫૬) જૈન દેરાસર પાસે, મુ.પો. બોરીજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન આનંદગીરી ગોસ્વામી(ઉ.વ. ૬૦) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. અમથીબેન મંગાભાઈ પરમાર (ઉ.વ. ૮૦) વણકરવાસ, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઉર્વીલ ભરતકુમાર રૂપાલા (ઉ.વ. ૧૪) પ્લોટ નં. ૬૫૦/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.